sankalp INTERNATIONAL SCHOOL

# ભગવાન સૂર્યદેવ

**અન્યનામો:** આદિત્ય,વિવસવંત,માર્તંડા,સાવિત્ર,ભાસ્કર,ભાનુ,દિવાકર,સૂર્યનારાયણ,રવિ,કથીરાવન,
પ્રભાકર.

**રહેઠાણ:** સૂર્યલોક

**મંત્ર:** ઓમ આદિત્યાય નમો નમઃ

ઓમ સૂર્ય દેવાય નમઃ

**શસ્ત્ર :** લાકડી , ત્રિશૂળ, ચક્ર , ગદા અને શંખ

**દિવસ:** રવિવાર

**રથ નું નામ:** અરુણ

**તહેવારો :** પોંગલ , મકરસંક્રાંતિ, છઠ પૂજા

**માતા:** અદિતિ

**પિતા:** કશ્યપ

**ધર્મપત્ની:** સંધ્યા અને છાયા

**બાળકો:** વૈવસ્વતમનુ,યમ,યમુના,અશ્વિન,રેવન્તા,શનિ,તપતી,સાવર્ણીમનુ,સુગ્રીવ,કર્ણ

વૈદિક કાળથી ભગવાન સૂર્યદેવની પૂજા થઈ રહી છે. સૂર્યદેવ ને વેદોમાં જગતનો આત્મા અને ઈશ્વરનું નેત્ર બતાવવામા આવ્યા છે. સૂર્યદેવને જીવન, સ્વાસ્થ્ય અને શક્તિના દેવતાના રૂપમાં પૂજવામાં આવે છે. એવી માન્યતા છે કે સૂર્યદેવની કૃપાથી જ પૃથ્વી પર જીવન છે. ઋષિમુનિઓએ ઉદય થતા સૂર્યને જ્ઞાન રૂપી ઈશ્વર જણાવતા કહ્યું કે સૂર્યદેવની સાધના અને આરાધના અત્યંત કલ્યાણકારી છે.

પ્રત્યક્ષ દેવતા સૂર્યદેવની ઉપાસના ખુબ જ ઝડપથી ફળ આપનારી માનવામાં આવે છે. તેમની સાધના સ્વયં પ્રભુ શ્રી રામે પણ કરી હતી. ભગવાન શ્રી રામના પૂર્વજ પણ સૂર્યવંશી હતા. ભગવાન શ્રી કૃષ્ણના પુત્ર સાંબ પણ સૂર્યની ઉપાસના કરીને પોતાના કૃષ્ઠ રોગ દૂરર કરી શક્યા હતા

## • ભગવાન સૂર્યનારાયણ દેવ ના વિશાળ પરિવાર વિશે:

ભગવાન સૂર્યદેવનો પરિવાર ખુબ જ મોટો છે. તેમની સંધ્યા અને છાંયા નામની બે પત્નીઓ અને 10 સંતાન છે, જેમાં યમરાજ અને શનિદેવ જેવા પુત્ર અને યમુના જેવી દીકરી પણ શામિલ છે. મનુ સ્મૃતિના રચયિતા વૈવસ્વત મનુ પણ સૂર્ય પુત્ર જ છે.



**સૂર્યદેવની પત્નીઓ :** સૂર્ય દેવની બે પત્નીઓ સંધ્યા અને છાંયા છે. સંધ્યા સૂર્યના તેજને સહન ન કરી શકી એટલા માટે પોતાના પડછાયાને સૂર્યદેવની પત્નીના રૂપમાં સ્થાપિત કરીને તપ કરવા જતી રહી. લાંબા સમય સુધી પડછાયાને પોતાની પત્ની સમજીને સૂર્ય દેવ તેની સાથે રહેતા હતા. આ રહસ્ય ખુબ જ સમય પછી ખુલ્યું કે તે તેમની પત્ની સંધ્યા પણ નહિ પડછાયો છે.



**સૂર્યદેવના સસરા વિશ્વકર્મા :** દેવ શિલ્પી વિશ્વકર્મા સૂર્યદેવની પત્ની સંધ્યાના પિતા હતા, માટે સૂર્યદેવના સસરા થાય અને તેમણે જ સંધ્યાના તપ કરવા જવાની જાણકારી સૂર્ય દેવને આપી હતી.



**સૂર્યદેવના પુત્ર યમ :** યમરાજ સૂર્ય દેવના સૌથી મોટા પુત્ર અને સંધ્યાનું પ્રથમ સંતાન છે.

**યમી :** યમી એટલે કે, યમુના નદી સૂર્યદેવનું બીજું સંતાન અને મોટી પુત્રી છે. જે પોતાની માતા સંધ્યા અને સૂર્ય દેવના મળેલા આશીર્વાદથી પૃથ્વી પર નદીના રૂપમાં પ્રસિદ્ધ થયા.

**વૈવસ્વત મનુ :** સૂર્યદેવ અને સંધ્યાનું ત્રીજુ સંતાન છે. વૈવસ્વત મનુ વર્તમાન મન્વન્તરના આધિપતિ છે એટલે કે જે પ્રલય બાદ સંસારનું પુનઃનિર્માણ કરવા વાળા પ્રથમ પુરુષ બન્યા અને તેમણે મનુ સ્મૃતિની રચના કરી.



**શનિ દેવ :** તે સૂર્યદેવ અને છાયાનું પ્રથમ સંતાન છે. શનિદેવને કર્મફળ દાતા અને ન્યાયાધિકારી પણ કહેવામાં આવે છે. પોતાના જન્મથી શનિ પોતાના પિતા સાથે શત્રુ ભાવ રાખતા હતા. ભગવાન શંકરજીના વરદાનથી તેઓ નવગ્રહમાં સર્વશ્રેષ્ઠ સ્થાન પર નિયુક્ત થયા. શનિદેવથી માનવ તો શું દેવતા પણ તેમના નામથી ભયભીત રહે છે.

**તપ્તિ :** છાંયા અને સૂર્યદેવની કન્યા તપ્તિના વિવાહ અત્યંત ધર્માત્મા સોમવંશી રાજા સંવરણની સાથે થયા હતા. કુરુવંશના સ્થાપક રાજર્ષિ કુરુ આ બંનેનું જ સંતાન હતા. જેનાથી કૌરવોની ઉત્પત્તિ થઈ.

**વિષ્ટિ અથવા ભદ્રા :** સૂર્યદેવ અને છાયાની પુત્રી વિષ્ટિ ભદ્રા નામથી નક્ષત્ર લોકમાં પ્રવિષ્ટ થઈ. ભદ્રા કાલા વર્ણ, લાંબા કેશ, મોટા મોટા દાંત થતા ભયંકર રૂપ વાળી કન્યા છે. ભદ્રા ગધેડાનું મુખ, લાંબી પૂંછ અને ત્રણ પગ સાથે ઉત્પન્ન થઈ હતી. શનિદેવની જેમ ભદ્રાનો સ્વભાવ પણ કડક માનવામાં આવે છે. તેણે તેના સ્વભાવને નિયંત્રણમાં રાખવા માટે ભગવાન બ્રહ્માજીએ તેને કાલ ગણના અથવા પંચાંગના એક પ્રમુખ અંગ વિષ્ટિ કરણમાં સ્થાન આપ્યું છે.

**સાવર્ણી :** સાવર્ણી મનુ એ સૂર્યદેવ અને છાંયાનું ચોથું સંતાન છે.

**અશ્વિનીકુમારો :** સંધ્યા વિશે જાણકારી મળ્યા બાદ પોતાનું તેજ ઓછું કરીને સૂર્યદેવ ઘોડો બનીને તેમની પાસે ગયા. સંધ્યા તે સમયે અશ્વિની એટલે કે ઘોડીના રૂપમાં હતી. બંનેના સંયોગથી જુડવા અશ્વિની કુમારોની ઉત્પત્તિ થઈ જે દેવતાઓ વિરુદ્ધ છે. એવું કહેવાય છે કે ઋષિ દધીચિ પાસેથી મધુ-વિદ્યા શીખવા માટે પોતાના ધડ પર ઘોડાનું મસ્તક રાખી દીધું હતું અને તેમની પાસેથી મધુ-વિદ્યા શીખી હતી. અત્યંત રૂપવાન માનવામાં આવતા અશ્વિનીકુમારો નાસત્ય અને દસ્ત્રના નામથી પણ પ્રસિદ્ધ થયા.

**રેવંત:** તે સૂર્યદેવ અને સંધ્યાનું સૌથી નાનું અને છઠ્ઠુ સંતાન છે. રેવંત નિરંતર ભગવાન સૂર્યની સેવામાં રહે છે.

આપણે જે સૂર્યને જોઇ શકીએ છીએ તેમના પણ 12 નામ છે. આ નામ તેમની અલગ-અલગ વિશેષતાઓના કારણે છે. સૂર્યદેવને જ્યોતિષના મુખ્ય ગ્રહ હોવાની સાથે-સાથે ગુરુનો દરજ્જો પણ મળેલો છે. સૂર્ય ભગવાન હનુમાનજીના ગુરુ છે. મય નામના રાક્ષસને પણ ભગવાન સૂર્યએ જ્યોતિષનું જ્ઞાન આપ્યું હતું. તે જ મય દાનવે મયમતમ્ નામના એક મહાન ગ્રંથની રચના કરી હતી, જે જ્ઞાન તેને સૂર્યદેવ પાસેથી મળેલું, તે મય દાનવે પુસ્તકમાં ઉતાર્યું હતું.

## ● ભગવાન સૂર્યના 12 નામ :

**1.આદિત્ય :**

સૂર્યદેવ નું આ નામ તેમની માતા અદિતિ પરથી આપવામાં આવ્યું છે. વેદો પ્રમાણે સૂર્યદેવ ઋષિ કશ્યપ અને અદિતિ ના પુત્ર છે. અદિતિ દ્વારા જન્મ લેવાના કારણે તેમનું નામ આદિત્ય છે.

**2. દિનકર**

દિવસ ની શરૂઆત અને અંત સૂર્યથી જ થાય છે આ કારણે સૂર્યદેવને આ નામ આપવામાં આવ્યું છે.

**3.રશ્મિ મતે :**

રશ્મિ નો અર્થ પ્રકાશ અને મતે નો અર્થ પુંજ થાય છે. જેની અંદર હજારો ની સંખ્યામાં પ્રકાશ પુંજ હોય છે. આજ કારણે સૂર્યદેવ ને રશ્મિ મતે કહેવામાં આવે છે.

**4. ભુવનેશ્વર:**

ભુવનેશ્વર નો અર્થ પૃથ્વી પર રાજ કરનાર. પૃથ્વી ભગવાન સૂર્યદેવ ના પ્રકાશ માં વિદ્યમાન છે. જો પૃથ્વી પર સૂર્ય ના કિરણો ના હોય તો સંસાર નષ્ટ થઈ જાય.

**5. પ્રભાકર:**

પ્રભા એટલે પ્રાત:કાળ અને આ કાળ (પ્રાત:કાળ) થી સૂર્ય સંસાર માં વિદ્યમાન થાય છે. આ કારણે તેમને પ્રભાકર કહેવાય છે.



**6. સવિતા:**

સવિતા નો અર્થ થાય છે ઉત્પન્ન કરનાર. મંત્ર ના સ્વામી ને પણ સવિતા ના નામ થી ઓળખવામાં આવે છે. સૂર્યદેવ પ્રકાશ ના સ્વામી છે. અજવાળા ના દેવતા છે. એટલે તેમણે સવિતા ના નામ થી ઓળખવામાં આવે છે.

**7. સૂર્ય:**

સૂર્ય નો અર્થ ભ્રમણ કરનાર છે. જે સંસાર માં ભ્રમણ કરી દરેક ના દુ:ખ દૂર કરી શકે. ભગવાન ભાસ્કર સંપૂર્ણ સંસાર માં ભ્રમણ કરે છે. આ કારણે તેમનું નામ સૂર્ય આપવામાં આવ્યું છે.

**8. ભાનુ:**

ભાનુ નો અર્થ થાય છે તેજ. એવું તેજ કે જેનાથી દરેક ને લાભ થાય. અમીર, ગરીબ બધાં ઉપર સૂર્યનો પ્રકાશ એક સમાન હોય છે. તેમનાં અલૌકિક તેજ ને કારણે જ ભાનુ નામ આપવામાં આવ્યું છે.

**9. દિવાકર:**



દિવાકર નો અર્થ રાતનો અંત કરીને દિવસનો ઉદય કરનાર. જેમના આવતા જ અંધકાર દૂર થઈ જાય છે તેઓના આ જ ગુણોના કારણે તેમનું નામ દિવાકર પડ્યું છે.

**10. આદિદેવ**

બ્રહ્માંડની શરૂઆત અને અંત સૂર્ય માં સમાયેલ છે. આ કારણે સૂર્યદેવને આદિદેવ ના નામથી ઓળખવામાં આવે છે.

**11. રવિ:**

બ્રહ્માંડની શરૂઆતનો દિવસ રવિવાર હતો. આદિદેવ હોવાના કારણે સપ્તાહ ની શરૂઆત પણ રવિવારથી થાય છે. આ કારણે ભગવાન સૂર્યદેવને ભાસ્કર અને રવિના નામથી ઓળખવામાં આવે છે.

**12. સપ્ત-રથી:**

ભગવાન સૂર્યના રથમાં સાત ઘોડા છે. સાતે ઘોડા ભગવાન સૂર્યદેવ માં હજારો કિરણોનો સમાવેશ કરે છે. આ કારણે તેમને સપ્ત-રથી કહેવામાં આવે છે.

## ● ભગવાન સૂર્યનારાયણના રથના સાત ઘોડાના નામ :




સાત ઘોડાના નામ આ પ્રમાણે છે – ગાયત્રી, ભારતી, ઉસ્નિક, જગતિ, ત્રિસ્તપ, અનુસ્તપ અને પંક્તિ છે. શાસ્ત્રોમાં મળતા ઉલ્લેખ પ્રમાણે સૂર્યદેવના સાત ઘોડા અઠવાડિયાના સાત દિવસોનું પ્રતિનિધિત્વ કરે છે. સાત ઘોડાને મેઘધનુષના સાત રંગો સાથે પણ જોડવામાં આવે છે. સૂર્યના કિરણોમાં સાત પ્રકારના પ્રકાશ જોવા મળે છે. સાત ઘોડાથી નિકળતા રંગોનો પણ આપણા જીવનમાં વિશેષ મહત્વ ધરાવે છે. આ ઘોડાનું શાસ્ત્રોમાં ખૂબ જ સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. 7 ઘોડા વિશાળ અને મજબૂત છે. આ ઘોડાની લગામ અરૂણ દેવે પોતાના હાથમાં રાખી છે. અરૂણ દેવ સૂર્યદેવનો રથ ચલાવે છે.

## ● એક પૈડાના રથ પર સવારી કરે છે ભગવાન સૂર્યનારાયણ

આપણને દેખાતી મૂર્તિમાં ભગવાન સૂર્યનારાયણના રથને બે પૈડા બતાવામાં આવ્યા છે. પરંતુ શાસ્ત્રાના મત અનુસાર ભગવાન સૂર્યનારાયણ એક પૈડાવાળા રથ પર સવારી કરે છે. આ એક પૈડાને એક વર્ષનું પ્રતિક માનવામાં આવે છે. પૈડામાં 12 ચક્રો છે જે વર્ષના મહિનાઓને દર્શાવે છે. અનેક લોકો પોતાના ઘરમાં સાત ઘોડાની તસવીર રાખતા હોય છે. અને એવું માને છે કે આ ફોટો રાખવાથી વ્યક્તિમાં હિંમત, ધીરજ, પ્રેમ, અને જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે અને જીવનના દરેક ક્ષેત્રમાં માણસની પ્રગતિ થાય છે.

## ● ભગવાન સૂર્યદેવ ના મંદિરો વિશે

હિંદુ ધર્મમાં ઉર્જાનું કેન્દ્ર ગણાતા ભગવાન સૂર્યદેવના દેશભરમાં એવા અનેક મંદિરો છે, જે લોકોની આસ્થા માટે જ નહીં પરંતુ તેમની ભવ્યતા અને સુંદરતા માટે પણ જાણીતા છે.

ભગવાન સૂર્ય નવ ગ્રહોમાંથી એક હોવાથી જીવનમાં તેમનું મહત્વ સમજીને કદાચ સૂર્ય મંદિરો બાંધવામાં આવ્યા હતા. આપણા દેશમાં સૂર્ય ભગવાનના ઘણા પ્રખ્યાત મંદિરો છે, જેને જોવા માટે દેશ-વિદેશથી લોકો આવે છે. જેમાં ઓડિશાના કોણાર્ક સૂર્ય મંદિરથી લઈને ગુજરાતના મોઢેરાના સૂર્ય મંદિર સુધીના મંદિરોમાં આધ્યાત્મિક રહસ્યો છુપાયેલા છે. આવો અમે તમને દેશના સૂર્ય મંદિરો વિશે જણાવીએ.

## ● કોણાર્ક સૂર્ય મંદિર



ઓડિશામાં સ્થિત કોણાર્કનું સૂર્ય મંદિર દેશભરમાં જાણીતું છે. એવું માનવામાં આવે છે કે આ મંદિરની સ્થાપના ભગવાન શ્રી કૃષ્ણના પુત્ર સાંબ દ્વારા કરવામાં આવી હતી. તે પછી, આ સૂર્ય મંદિર 13મી સદીમાં રાજા નરસિંહદેવ દ્વારા બનાવવામાં આવ્યું હતું. આ મંદિર તેના વિશિષ્ટ આકાર અને કારીગરી માટે વિશ્વભરમાં પ્રખ્યાત છે. જો કે, આ મંદિરની વિશેષતા એ છે કે સૂર્યોદયનું પ્રથમ કિરણ મંદિરના મુખ્ય દ્વાર પર પડે છે.

## ● ઔરંગાબાદનું સૂર્ય મંદિર



બિહારના ઔરંગાબાદ જિલ્લામાં ભગવાન સૂર્યદેવનું અનોખું મંદિર છે, જેનો દરવાજો પૂર્વની જગ્યાએ પશ્ચિમ તરફ છે. જ્યાં સાત રથ પર સવાર ભગવાન સૂર્યદેવના ત્રણ સ્વરૂપોના દર્શન થાય છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર, આ સૂર્ય મંદિરનો દરવાજો એક રાતમાં આપમેળે બીજી દિશામાં ફેરવાઈ ગયો હતો.

## ● મોઢેરાનું સૂર્ય મંદિર



ગુજરાતમાં આવેલું મોઢેરા સૂર્ય મંદિર તેના સ્થાપત્યનું અનોખું ઉદાહરણ છે. જેનું નિર્માણ સોલંકી વંશના રાજા ભીમદેવ પ્રથમ દ્વારા કરવામાં આવ્યું હતું. મોઢેરાના સૂર્ય મંદિરને બે ભાગમાં બનાવવામાં આવ્યું છે, જેમાં પહેલો ભાગ ગર્ભગૃહનો છે અને બીજો ભાગ સભામંડપનો છે. મંદિરનું નિર્માણ એવી રીતે કરવામાં આવ્યું છે કે સૂર્યોદય સમયે સૂર્યના કિરણો સીધા ગર્ભગૃહમાં પડે છે.

## ● કાશ્મીર માર્તંડ મંદિર



દેશભરમાં પ્રસિદ્ધ સૂર્ય મંદિરોમાં, કાશ્મીરમાં સ્થિત માર્તંડ મંદિર એક જાણીતું મંદિર છે. આ મંદિર કાશ્મીરના દક્ષિણ ભાગમાં અનંતનાગથી પહેલગામ જતા માર્ગ પર માર્તંડ નામના સ્થળે આવેલું છે. આ મંદિર આઠમી સદીમાં કારકોટા વંશના રાજા લલિતાદિત્ય દ્વારા બનાવવામાં આવ્યું હતું.

## ● આંધ્રપ્રદેશનું સૂર્યનારાયણ મંદિર



આંધ્રપ્રદેશના અરસાવલ્લી ગામથી લગભગ 1 કિમી પૂર્વમાં લગભગ 1300 વર્ષ જૂનું ભગવાન સૂર્યનું ભવ્ય મંદિર છે. અહીં ભગવાન સૂર્ય નારાયણની તેમની પત્ની સાથે પૂજા કરવામાં આવે છે. આ મંદિરની વિશેષતા એ છે કે વર્ષમાં બે વાર સૂર્યનું પ્રથમ કિરણ સીધું મૂર્તિ પર પડે છે. એવું કહેવાય છે કે આ મંદિરમાં ભગવાન સૂર્યદેવના માત્ર દર્શન કરવાથી સુખ અને સૌભાગ્ય મળે છે.

## ● બેલૌર સૂર્ય મંદિર, બિહાર

બિહારના ભોજપુર જિલ્લાના બેલૌર ગામના પશ્ચિમ અને દક્ષિણ છેડે આવેલું બેલૌર સૂર્ય મંદિર ખૂબ જૂનું છે, જે રાજા દ્વારા બાંધવામાં આવેલા 52 તળાવોમાંથી એકની મધ્યમાં બનાવવામાં આવ્યું છે. એવું કહેવાય છે કે જે લોકો આ સ્થાન પર સાચા મનથી છઠ વ્રત કરે છે તેમની બધી મનોકામનાઓ પૂર્ણ થાય છે.

